Point wise reply of the RTI No. PGCIL/R/E/20/00147 received from Shri Hemansh regarding Compensation paid at Villages of Sabarkantha & Mehsana district during construction of 765kV Banaskantha – Chittorgarh T/L is as below;

1) Village list of Banaskantha & Mehsana district from where above line is passed is attached at Annexure-I.

2) Annexure sheet for Land Compensation;
   a) Village – Verabar, District – Sabarkantha : Requested information cannot be provided to you as per Section 8(1)(j) in The Right To Information Act, 2005 because it is related with third parties.
   b) Village – Dharavania, District – Mehsana : Requested information cannot be provided to you as per Section 8(1)(j) in The Right To Information Act, 2005 because it is related with third parties.

3) Copy of Letters received from Collector offices are attached at Annexure-III.

4) Compensation given to landowners of above villages as per Letters received from Collector offices are attached at Annexure-III.

| 765 KV D/C BANASKANTHA - CHITTORGRAH TRANSMISSION LINE VILLAGE LIST, (ANNEXURE-I) | | | |
|---|---|---|---|
| **SR NO.** | **NAME OF VILLAGE** | **TAHSIL** | **DISTRICT** |
| 1 | CHANDAP | IDAR | SABARKANTHA |
| 2 | VERABAR | IDAR | SABARKANTHA |
| 3 | KADIYADAR | IDAR | SABARKANTHA |
| 4 | CHOTASAN | IDAR | SABARKANTHA |
| 5 | GORAL | IDAR | SABARKANTHA |
| 6 | MUDETHI | IDAR | SABARKANTHA |
| 7 | SIYASAN | IDAR | SABARKANTHA |
| 8 | BADOL | VADALI | SABARKANTHA |
| 9 | RAHEDA | VADALI | SABARKANTHA |
| 10 | JETPUR | VADALI | SABARKANTHA |
| 11 | VASANA | VADALI | SABARKANTHA |
| 12 | HIMMATPUR | VADALI | SABARKANTHA |
| 13 | BHANDVAL | VADALI | SABARKANTHA |
| 14 | KODROLI | VADALI | SABARKANTHA |
| 15 | CHULLA | VADALI | SABARKANTHA |
| 16 | VETLA | VADALI | SABARKANTHA |
| 17 | SAVASLA | VADALI | SABARKANTHA |
| 18 | KESHARGANJ | VADALI | SABARKANTHA |

| 765 KV D/C BANASKANTHA - CHITTORGRAH TRANSMISSION LINE VILLAGE LIST, (ANNEXURE-I) | | | |
|---|---|---|---|
| **SR NO.** | **NAME OF VILLAGE** | **TAHSIL** | **DISTRICT** |
| 1 | CHHELPURA | SATLASANA | MAHESANA |
| 2 | HADOL | SATLASANA | MAHESANA |
| 3 | DHARAVANIYA | SATLASANA | MAHESANA |
| 4 | RADHUPURA | SATLASANA | MAHESANA |
| 5 | KANEDIYA | SATLASANA | MAHESANA |
| 6 | RANGPUR | SATLASANA | MAHESANA |
| 7 | KAJIPUR | SATLASANA | MAHESANA |
| 8 | OTALPUR | SATLASANA | MAHESANA |
| 9 | GALALPUR | SATLASANA | MAHESANA |
| 10 | SAKARI | KHERALU | MAHESANA |
| 11 | MAHIYAL | KHERALU | MAHESANA |
| 12 | ARTHI | KHERALU | MAHESANA |
| 13 | DABHODA | KHERALU | MAHESANA |
| 14 | NADU | KHERALU | MAHESANA |
| 15 | KUDA | KHERALU | MAHESANA |

**નાયબ કલેકટર અને સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, ઈડર વિભાગ, ઈડર**
પેટ્રોલપંપ ત્રણ રસ્તા, ઈડર, તા. ઈડર, જિ.– સાબરકાંઠા
ફોન નં. (૦૨૭૭૮) ૨૫૧૫૫૦, ફેકસ નં. ૨૫૨૧૩૨
ઈ–મેઈલ : cro28office@gmail.com

નં.જમીન/વીજ લાઈન/વળતર/વશી/૪૬૩૩/૨૦૧૮ તા.૧/૧/૨૦૧૯

**વંચાણે લીધો :–**

(૧) પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી.પાલનપુરના પત્ર નં.WR-II/PAL/TLC/LAND COMP/2018, Dt.3/2/2018
(૨) મે.કલેકટર સાહેબ સા.કાં.હિંમતનગરના પત્ર નં.એલએકયુ/વશી/૩૯૬/૨૦૧૮, તા.૫/૭/૧૮
(૩) અત્રેની કચેરીના હુકમ નં.જમીન/વશી/૩૩૩૪/૨૦૧૮, તા.૨/૮/૨૦૧૮
(૪) વીજ વળતર સમિતિની તા.૧૪/૯/૨૦૧૮ તથા તા.૨૫/૯/૨૦૧૮ ની મીટીંગની કાર્યવાહી નોંધ
(૫) ભારતીય તાર અધિનિયમ–૧૮૮૫ તથા વીજ અધિનિયમ–૨૦૦૩
(૬) ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક જી.ઈ.ટી./૧૧/૨૦૧૫/ જીઓઆઈ/૧૯૯(ક), તા.૧૪/૮/૨૦૧૭
(૭) મે.કલેકટર સાહેબ, સા.કાં.હિંમતનગરના પત્ર નં.એલએકયુ/વશી/૨૯૯૮/૧૮, તા.૨૧/૧૨/૧૮

**પ્રસ્તાવના :–**

પાવરગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી.પાલનપુર ધ્વારા નિર્માણ થઈ રહેલ ૭૬૫ કે.વી.એસ.સી. બનાસકાંઠા ચિત્તોડગઢ ટ્રાન્સમીશન વીજ લાઈન અત્રેના વિભાગના ઈડર તથા વડાલી તાલુકાના ગોમોમાંથી પસાર થતી હોઈ આમુખ–૧ ના પત્રથી પાવર ગ્રિડ કોર્પોરેશન પાલનપુરે ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવા પ્રતિ ચો.મી.એ જંત્રીના ભાવ નકકી કરવા રજુઆત કરેલ છે.

આ કામે મે.કલેકટર સાહેબશ્રી સાબરકાંઠાએ આમુખ–૨ ના પત્રથી અત્રેના અઘ્યક્ષ પણા હેઠળ વીજ વળતર આંકલન સમિતિની રચના કરી અત્રેના અધિકારમાં જમીનના ભાવ નકકી કરવા સૂચના આપતાં અત્રેની કચેરીના આમુખ–૩ ના હુકમથી વીજ આંકલન સમિતિની રચના કરવામાં આવેલ છે. આમુખ–૭ ના પત્રથી અત્રેના અધિકારમાં વળતર ચુકવવાના ભાવો નકકી કરી હુકમ કરવા જણાવેલ છે

અત્રેના વિભાગમાં ઈડર તાલુકાના ચાંડપ, વેરાબર, કડિયાદરા, ગોરોલ, મુડેટી, ચોટાસણ અને સીયાસણ તથા વડાલી તાલુકાના બડોલ, રહેડા, અરસામડા, હઠોજ, કોદરેલી, ભંડવાલ, જેતપુર, વાસણ, કેશરગંજ, ચુલ્લા, સવાસલા અને હિંમતપુર ગામોમાંથી વીજ લાઈન પસાર થાય છે. જે પૈકી કડીયાદરા અને જેતપુર ટાવર હાઈવે રોડથી અડીને આવે છે. કડીયાદરા, તા.ઈડરથી નજીકમાં ચોટાસણ, ગોરલ, મુડેટી અને સિયાસણ ગામો આવેલ છે. જયારે જેતપુર, તા.વડાલીથી નજીકમાં વાસણા અને કેસરગંજ ગામ આવેલ છે. જેથી આસપાસના ગામોમાં જંત્રીનો ભાવ એક સમાન રહે તેવું કમિટિ ધ્વારા ઠરાવવામાં આવ્યુ. સમિતિમાં સર્વાનુમત્તે જંત્રીના ભાવો ધ્યાને લઈ તેમજ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ગાંધીનગરના તા.૧૪/૮/૨૦૧૭ નો ઠરાવ વંચાણે લઈ ખેડૂતો અસરગ્રસ્તોને પુરતુ વળતર મળી રહે તે હેતુ ધ્યાને લઈ નીચે મુજબના ચો.મી.દીઠ ભાવો મુજબ વળતર ચુકવવા તા.૨૫/૯/૨૦૧૮ ની બેઠકમાં સમિતિ ધ્વારા સર્વાનુમત્તે નકકી કરવામાં આવેલ છે.

➢ <u>વડાલી તાલુકો</u>

| અ. નં. | ગામનું નામ | પ્રતિ.ચો.મી.દીઠ ભાવ | અ. નં. | ગામનું નામ | પ્રતિ.ચો.મી.દીઠ ભાવ | અ. નં. | ગામનું નામ | પ્રતિ.ચો.મી.દીઠ ભાવ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાસણા | ૯૦૫ | ૬ | અરસામડા | ૩૬૧ | ૧૦ | વેંટલા | ૩૬૧ |
| ૨ | કેશરગંજ | ૯૦૫ | ૭ | હિંમતપુર | ૩૬૧ | ૧૧ | ચુલ્લા | ૩૬૧ |
| ૩ | જેતપુર | ૯૦૫ | ૮ | કોદરેલી | ૩૬૧ | ૧૨ | સવાસલા | ૩૬૧ |
| ૪ | ભંડવાલ | ૩૬૧ | ૯ | હઠોજ | ૩૬૧ | ૧૩ | બડોલ | ૩૬૧ |
| ૫ | રહેડા | ૩૬૧ | | | | | | |

Scanned with CamScanner

➢ <u>ઈડર તાલુકો</u>

| અ.નં. | ગામનું નામ | પ્રતિ.ચો.મી.દીઠ ભાવ | અ.નં. | ગામનું નામ | પ્રતિ.ચો.મી.દીઠ ભાવ |
|---|---|---|---|---|---|
| ૧ | ચાંડપ | ૪૦૫ | ૫ | ગોરલ | ૮૮૩ |
| ૨ | વેરાબર | ૪૦૫ | ૬ | મુડેટી | ૮૮૩ |
| ૩ | કડિયાદરા | ૮૮૩ | ૭ | સિયાસણ | ૮૮૩ |
| ૪ | ચોટાસણ | ૮૮૩ | | | |

આમુખ–૬ ના ઠરાવની જોગવાઈઓ મુજબ વીજ લાઈન જે વિસ્તારમાંથી પસાર થતી હોઈ તે વિસ્તારની જમીન હસ્તગત કર્યા સિવાય ટાવરની અંદરના ક્ષેત્રફળની જમીનના જંત્રીના ભાવ પ્રમાણે ૮૫% અને તાર નીચેની જગ્યાના ૭.૫% મુજબ વળતર સબંધિત ખેડૂતને ચુકવવા ઠરાવેલ છે.

સબબ, ઉક્ત વિગતે પાવર ગ્રિડ કોર્પોરેશન લી.પાલનપુર ધ્વારા નિર્માણ આધિન ૭૬૫ કે.વી.એસ.સી. બનાસકાંઠા – ચિત્તોડગઢ ટ્રાન્સમીશન લાઈન સ્થાપવા માટેના અસરગ્રસ્ત ખેડૂતોને જમીનના મુલ્યમાં ઘટાડા પેટે વળતર ચુકવવા જમીનના પ્રતિ.ચો.મી.ના ભાવ વીજ લાઈન વળતર આંકલન સમિતિએ સર્વાનુમત્તે ઉક્ત પત્રકમાં જણાવ્યા મુજબ ઠરાવેલ ભાવ પ્રતિ ચો.મી. નક્કી કરેલ હોઈ તે દરખાસ્ત રજુ થયેથી વળતર ચૂકવવા આથી હુકમ કરવામાં આવે છે.

(એ. જે. દેસાઈ)
**નાયબ કલેક્ટર**
**ઈડર વિભાગ,ઈડર**

પ્રતિ,
ચીફ મેનેજરશ્રી,
પાવર ગ્રિડ કોર્પોરેશન લી. પાલનપુર
તરફ જાણ તથા અમલ સારૂ.

**નકલ સવિનય રવાના :–** મે. કલેક્ટર સાહેબ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના :–**
(૧) નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડયુટીના પ્રતિનિધિ
(૨) મામલતદારશ્રી, ઈડર/વડાલી જાણ તથા તમારા તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવાની દરખાસ્ત પાંવરગ્રીડ કોર્પોરેશન તરફથી મેળવી સર્કલ ઓફીસરશ્રી, ત.ક.મંત્રીશ્રી પાસે વેરીફાય કરાવી આપની સહી સાથે અત્રે રજુ કરવા વિનંતી છે.
(૩) સબરજીસ્ટ્રારશ્રી, ઈડર/વડાલી

Scanned with CamScanner

# પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી,ખેરાલુ
## તાલુકા સેવા સદન,ત્રીજા માળે,ખેરાલુ
Email ::- Prant.Kheralu @gmail.com Phone/Fax ::- 02761-231355


નં.જમીન/પાવરગ્રીડ/વળતર/વશી/૭૮૬ થી ૭૯૦/૨૦૧૯
તા.૧૯/૦૬/૨૦૧૯

વાંચનમાં લીધુ ::–

(૧) ડે.જનરલ મેનેજરશ્રી પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી., પાલનપુરનો તા.૦૪/૧૨/૨૦૧૮ નો પત્ર.

(૨) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, ગુજરાત સરકારશ્રી ના ઠરાવ ક્રમાંક જીઈટી–૧૧–૨૦૧૫–જીઓઆઈ– ૧૯૯–ક, તા.૧૪/૦૮/૨૦૧૭.

(૩) કલેકટર સાહેબ, મહેસાણાનો હુકમ નં./એલએકયુ/વશી/ ૪૯૨ /૨૦૧૯, તા.૧૪/૦૩/૨૦૧૯.

(૪) અત્રેની કચેરીના પત્ર નં.જમીન/પાવરગ્રીડ/વળતર/વશી/૫૫૨/૨૦૧૯, તા.૦૪/૦૬/૨૦૧૯.

(૫) સમિતિની તારીખ ૧૯/૦૬/૨૦૧૯ ની બેઠકની કાર્યવાહીની નોંધ.

પ્રસ્તાવના ::–

ડે.જનરલ મેનેજરશ્રી, પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.,પાલનપુરએ આમુખ (૧) ના પત્રથી ૭૬૫ કે.વી.ડી.સી બનાસકાંઠા–ચિત્તોડગઢ વીજ લાઈન નાંખવાના કામ માટે "ભારતીય તાર અધિનિયમ–૧૮૮૫ તથા વીજ અધિનિયમ –૨૦૦૩ અને ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક જીઈટી–૧૧–૨૦૧૫– જીઓઆઈ– ૧૯૯–ક, તા.૧૪/૦૮/૨૦૧૭ મુજબ જમીન હસ્તગત કર્યા વિના ટાવર અંદરના ક્ષેત્રફળનું જમીનના ભાવ પ્રમાણે ૮૫% અને તારની નીચેની જગ્યાના ૭.૫% મુજબ" જમીનનું વળતર ઉપયોગ કરેલ જમીનના ખાતેદારોને ચૂકવવાનું થાય છે. તે પ્રમાણે ખેડુતોને જમીનનુ વળતર ચુકવવા વળતરની રકમ નકકી કરવા વિનંતી કરેલ છે.

કલેકટર સાહેબ, મહેસાણાના આમુખ (૩) ના હુકમથી નં./એલએકયુ/વશી/ ૪૯૨ /૨૦૧૯, તા.૧૪/૦૩/૨૦૧૯ ના આદેશ અનુસાર ૭૬૫ કે.વી.ડી.સી બનાસકાંઠા–ચિત્તોડગઢ વિજ લાઈન માટે જમીનના વળતર માટે પ્રતિ ચો.મી.ના ભાવ નકકી કરવા માટે નીચે જણાવેલ અધિકારીઓશ્રીની સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ખેરાલુ – અધ્યક્ષ

(૨) નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટિ મૂલ્યાંકન તંત્ર, મહેસાણા – સભ્ય

(૩) મામલતદારશ્રી, ખેરાલુ – સભ્ય

(૪) મામલતદારશ્રી, સતલાસણા – સભ્ય

(૫) ડે.જનરલ મેનેજરશ્રી, પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. – સભ્ય

પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.ની ૭૬૫ કે.વી.ડી.સી. બનાસકાંઠા–ચિત્તોડગઢ વીજ લાઈન ખેરાલુ તાલુકાના મોજે.ફતેપુરા (ખે), ચાણસોલ, સાકરી, મહેકુબપુરા, મહીયલ, ડાલીસણા, અરઠી, ડભોડા, નડુ, મંન્દ્રપુરા અને કુડા એમ કુલ ૧૧ ગામોમાંથી પસાર થાય છે તથા સતલાસણા તાલુકાના ગલાલપુર, ઓટલપુર, રંગપુર(ગઢ), કનેડીયા, રાઘુપુરા, ધારાવાણીયા, ગમાનપુરા, હડોલ અને છેલપુરા એમ કુલ ૯ ગામોમાંથી પસાર થાય છે. આમ, ખેરાલુ પ્રાંત વિસ્તારમાં ખેરાલુ તેમજ સતલાસણા તાલુકાના કુલ ૨૦ ગામોમાંથી પસાર થાય છે.

તા.૧૯/૦૬/૨૦૧૯ ના રોજ યોજેલી સમિતિની બેઠકમાં પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.તરફથી નાખવામાં આવનાર ૭૬૫ કે.વી.ડી.સી. બનાસકાંઠા–ચિત્તોડગઢ વીજ લાઈન નાખવા માટે "ખેરાલુ તેમજ સતલાસણા તાલુકાના ખેડુતોને પ્રતિ ચો.મી.રૂા.૫૦૦/– ચૂકવવાનું સમિતિ ધ્વારા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે." આથી, પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.એ ખેરાલુ તેમજ સતલાસણા તાલુકાના ૨૦ ગામના વીજલાઈન નાંખવામાં આવેલ હોય તેવા ૨૦ ગામના અસરગ્રસ્ત ખેડુતોને જમીનના વળતરના પેટે પ્રતિ ચો.મી.રૂા.૫૦૦/– (શબ્દોમાં અંકે રૂપિયા પાંચસો પૂરા) લેખે વળતર ચૂકવવા માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે.

પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. એજન્સી ધ્વારા ઉપરકોત વિજ લાઈન માટે ખેરાલુ તેમજ સતલાસણા તાલુકાના ૨૦ ગામોના અસરગ્રસ્ત ખેડુતોને જમીનના વળતર પેટે પ્રતિ ચો.મી.રૂા.૫૦૦/– ચૂકવવાની સંમતી આપેલ છે.

ઉપરોક્ત હુકમ ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક જીઈટી–૧૧–૨૦૧૫–જીઓઆઈ– ૧૯૯–ક, તા.૧૪/૦૮/૨૦૧૭ ની બધી શરતોને આધીન રહેશે.

પ્રાંત અધિકારી, ખેરાલુ
સત્યમેવ જયતે
જિ. મહેસાણા

(ડી.વી.પ્રજાપતિ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
અને
નાયબ કલેકટર, ખેરાલુ

નકલ સવિનય રવાના ::– મે.કલેકટર સાહેબ, મહેસાણા તરફ જાણ સારૂ.

નકલ રવાના ::– સમિતિના સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર, મહેસાણા તરફ જાણ સારૂ.

(૩) મામલતદારશ્રી ખેરાલુ, સતલાસણા
૨/– આગળની કાર્યવાહી કરવા સારૂ.

નકલ રવાના ::–

(૧) ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી, પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.એ/૫ અક્ષતમ–૨, આકેશન રોડ, પાલનપુર, જિ.બનાસકાંઠા તરફ જાણ–વ– અમલ સારૂ.